ગાંધીનગર સમાચાર

ગુજરાત સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ રિવોલ્વર સાથે ત્રણ પકડાયા

## @ગાંધીનગર

- સેક્ટર-૬બી ખાતે પૂ. મુકુન્દ મહારાજની વ્યાસપીઠે ભાગવત કથાનું સાજનાં ૪ થી ૭ દરમિયાન યોજાશે.
- પતંજલિ યોગ સમિતિ તથા નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા સોમવારના રોજ સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન ન્યુ વાવોલ વિસ્તારમાં ઉવારસદ રોજ નજીક ભૂમિ પાર્ક સોસાયટીની પાછળના ભાગે નવ નિર્મિત અક્ષર હોમ સોસાયટી ખાતે નિ:શુલ્કપણે યોગ શિબિર યોજાશે.
- શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સોમવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ખાતે બેઠક યોજાશે.
- સમસ્ત બ્રહ્મસમાજ યુવા પરિવાર દ્વારા સાંજે ૭.૦૦ કલાકે સેકટર-૧૬, સોમનાથ મહાદેવ મંદિરે શિવધૂન કાર્યક્રમનું તેમજ ભગવાન પરશુરામની શોભાયાત્રાને અનુલક્ષીને બેઠક યોજાશે.

# તત્કાલ રેલવે બુકિંગ માટે રાતથી જ લાઈન લાગે છે

## વેકેશનના ધસારાને કારણે જુના સચિવાલય ખાતેના રેલવે બુકિંગ કેન્દ્ર પર મુસાફરોની ભીડ

## મહિલાઓ માટે અલગ લાઈન ના કરાતી હોવાથી રોષ : વેકેશનમાં કાઉન્ટર વધારવા માંગ



(તસવીર : કશ્યપ નીમાવત)

ગાંધીનગર, તા. ૧

શહેરમાં વેકેશનને કારણે બહારગામ ફરવા જવાની મોસમ પૂરબહારમાં ખિલેલી જોવા મળી રહી છે. લાંબા અનંતરના પ્રવાસે જવા માટે આજે પણ નગરજનોની પહેલી પસંદ રેલવે જ છે. જો કે છેલ્લી ઘડીએ ફરવા જવાનો પ્રોગ્રામ બનાવનારા નગરજનોની સંખ્યા પણ સારી એવી હોવાથી શહેરમાં જુના સચિવાલય ખાતે આવેલ રેલવે બુકિંગ કાઉન્ટર પર રાતના સમયથી જ લાઈનો લાગી જાય છે. તત્કાલ બુકિંગની બારી ૨૪ કલાક પહેલા ખુલતી હોઈ બુકીંગ કરાવવા માંગતા મુસાફરો અત્યારે અહીં ભારે ભીડ જમાવી રહ્યાં છે. જો કે અહીં મહિલાઓ માટે અલગ લાઈન કરાવવામાં ના આવતી હોવાથી મહિલાઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

ઉનાળુ વેકેશન એ લગભગ તમામ પરિવારો માટે બહારગામ ફરવા જવાનો શ્રેષ્ઠ પસંદગીનો સમય ગણાય છે. ગાંધીનગર જિલ્લાના લગભગ તમામ પ્રવાસીઓ મોટે ભાગે લાંબી મુસાફરી માટે રેલવેને જ પ્રથમ પસંદગી આપે છે. વળી, હવે તો પેકેઝડ ટૂરમાં પ્રવાસનું બુકિંગ કરાવવામાં પણ જેમાં રેલવેની મુસાફરી હોય તેવા પેકેજ અથવા ટૂર્સને વધુ પસંદ કરવામાં આવે છે. રેલવે પ્રથમ પસંદગી હોવાને કારણે તેમાં હંમેશા એડવાન્સ બુકિંગ કરાવવાનો મુસાફરો આગ્રહ રાખતા હોય છે પરંતુ કેટલીકવાર ફરવા જવાનો કાર્યક્રમ મોડેથી ઘડાતા મુસાફરોએ તત્કાલ બુકિંગ સેવાનો લાભ લેવો ફરજિયાત થઈ પડે છે. અને પરિવાર સાથે ફરવા જવામાં કે મિત્રોના ગૃપમાં ફરવા જવામાં મુસાફરોની સંખ્યા વધુ રહેતી હોવાથી ઓનલાઈન બુકિંગના બદલે ઓફલાઈન બુકિંગ જ એક માત્ર રસ્તો બચે છે. ગાંધીનગરમાં રેલવે સ્ટેશન ઉપરાંત જુના સચિવાલય જીવરાજ મહેતા ભવન ખાતે પણ રેલવે દ્વારા ટિકિટ બુકિંગની સેવા ઉભી કરાયેલી છે. આ બુકિંગ ઓફિસે તત્કાલ બુકિંગ કરાવવા માંગતા મુસાફરો સવારે બારી ખૂલતા જ પોતાનો નંબર જલ્દી આવી જાય જેથી ઈચ્છિત તારીખની ટિકિટનું બુકિંગ મળી રહે તે માટે રાતથી જ લાઈન લગાવી દે છે.

તત્કાલ બુકિંગ સેવામાં ૨૪ કલાકના સમય ગાળાની ટિકિટ પણ મળતી હોવાથી આકસ્મિક કારણોસર બુકિંગ કરાવવા માંગતા નગરજનો અહીં ભીડ જમાવે છે. મોટે ભાગે આમ તો રેલવે બુકિંગમાં મહિલાઓ માટે અલગ લાઈન કરવામાં આવે છે પરંતુ અહીં એવી કોઈ સુવિધા ના કરાતી હોઈ મહિલા મુસાફરોમાં રોષ જોવા મળી રહ્યો છે. હાલ તો વેકેશનના ધસારાને કારણે અહીં બુકિંગ કરાવવા આવતા નગરજનોને ભારે અગવડ પડી રહી હોઈ રેલવે તંત્ર દ્વારા વધુ કાઉન્ટરની વ્યવસ્થા કરી મહિલાઓ માટે અલગ લાઈનની વ્યવસ્થા કરાય તેવી માંગણી પ્રબળ બનતી જાય છે.

# ગુજરાત સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ રિવોલ્વર સાથે ત્રણ પકડાયા

## ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે સુમો ગાડીમાંથી ઈન્ફોસીટી પાસેથી ત્રણેયને દબોચી લીધા : સુરેન્દ્રનગર અને વિરમગામ વિસ્તારના ત્રણેય શખ્સો પાટનગરમાં કેમ ફરતા હતા તેની પુછપરછ શરૂ : ત્રણ દિવસના રિમાન્ડ મંજુર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર પાસેના ઈન્ફોસીટી વિસ્તારમાં સુમો લઈને આવેલા ત્રણ શખ્સો ગેરકાયદે હથિયાર લઈને ઉભા હોવાની બાતમી ગુજરાતના સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર એસઓજીની ટીમને મળી હતી. તાત્કાલીક ઈન્ફોસીટી પહોંચીને ત્રણેય શખ્સોને પકડી તપાસ કરતા એક સાગરીત પાસેથી દેશી રિવોલ્વર મળી આવી હતી જેની ઉપર જાપાન લખેલુ છે. વિરમગામ અને સુરેન્દ્રનગર વિસ્તારના આ ત્રણેય શખ્સો પાટનગરમાં રિવોલ્વર સાથે કેમ ઉભા હતા તે સહિતની પુછતાછ માટે એસઓજીની ટીમે કોર્ટમાં રજુ કરતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. એસઓજીએ ત્રણેય શખ્સોની ઝીણવટભરી પુછપરછ આરંભી છે.

ગાંધીનગર પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે ગુજરાતના સ્થાપના દિનાને પગલે આ દિવસોમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ખાસ સતર્ક રહેવા તથા ગેરકાયદેસર હથિયાર શોધી કાઢવા ગાંધીનગર એસઓજી પી.આઈ. પી.બી. ચૌહાણને સુચના આપી હતી. જે સુચના અન્વયે એસઓજી પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહ બહાદુરસિંહને સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ જ બાતમી મળી હતી કે ટાટા સુમો ગાડી નં. જીજે-૧.આર.એ.૨૦૦૬માં ત્રણ માણસો છે તે ઈન્ફોસીટી હેવમોર પાર્લર નજીક ગાડીમાં બેઠા છે અને તેમની પાસે ગેરકાયદેસર હથિયાર છે. બાતમી મળતા જ એસઓજીની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી



અને સુરેન્દ્રનગરના પાટડી તાલુકામાં સ્થિત સેડલા ગામના સબ્બીર ઈસાભાઈ સીપાઈ, વિરમગામ તાલુકાના વણી ગામમાં રહેતા ઈરફાનશા રહીમશા ફકીર અને વિરમગામ સેતવાડ વિસ્તારના રજાક અમીરૂદ્દીન સીપાઈ ત્રણ શખ્સોને પકડી તલાશી લેતા સબ્બીર સીપાઈ પાસેથી દેશી રીવોલ્વર મળી આવી હતી જેની ઉપર જાપાન લખેલુ છે. ત્રણેય શખ્સો રીવોલ્વર લઈનો પાટનગરમાં ગુજરાતના સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ કેમ ફરતા હતા અને તેમનો ઈરાદો શુ હતો તે ઉપરાંત ક્યાંથી હથિયાર લઈને આવ્યા હતા ? તે સહિતની સઘન પુછપરછ શરૂ કરી છે. આજે એસઓજીએ ત્રણેયને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે પુછપરછ માટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

## આનંદીમાના વડલે ચામડીના રોગ અંગે નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માણસા ખાતે દર મહિનાના પહેલા રવિવારે ચામડીના રોગનું નિદાન અને સારવાર કેમ્પનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવે છે. મે મહિનાના પ્રથમ રવિવારે એટલે કે તા. ૧ મે ના રોજ બપોરે ૨.૦૦થી ૬.૦૦ કલાક દરમિયાન એંશીમાં કેમ્પનું આયોજન કરાયું હતું. આ નિદાન કેમ્પમાં અમદાવાદના ચામડી, ગુપ્તરોગો, રક્તપિત્તો, કોસ્મેટીક સર્જરી અને ડેર્મેટો સર્જરીના નિષ્ણાત ડૉ. ગૌરવ પટેલે પોતાની સેવાઓ આપી હતી એમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે જણાવ્યું છે.

## રાહત ફતેહઅલી ખાનનાં કાર્યક્રમમાં વિરોધના બહાને તોડ કરતા છ ઝડપાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક અડાલજ પાસે આવેલા અદાણી શાંતિગ્રામના ક્રિકેટ ગ્રાઉન્ડમાં પાકીસ્તાની કલાકાર રાહત ફતેહઅલી ખાનનો ગઈકાલે લાઈવ કોન્સર્ટ હતો. આ કાર્યક્રમ કરવો હોય અને વિરોધ ન થવા દેવો હોય તો રૂ. ૫૦ હજાર આપો તેમ કહીને તોડ કરતા છ શખ્સોને અડાલજ પોલીસે કાર્યક્રમ ચાલુ થાય તે પહેલા જ પકડી પાડીને તેમની સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અદાણી શાંતિગ્રામના ક્રિકેટ ગ્રાઉન્ડમાં પાકીસ્તાની કલાકાર રાહત ફતેહઅલી ખાનનો સંગીતનો પ્રોગ્રામનું કેશવ હોલીડે રીસોર્ટ પ્રા.લી. દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પહેલા બે દિવસથી કેટલાક તત્વો આયોજકને ફોન કરી રહ્યા હતા કે પ્રોગ્રામ સારી રીતે પાર પાડવો હોય તો રૂ. ૫૦ હજાર આપો, જો નહી આપો તો પ્રોગ્રામ થવા દઈશુ નહી અને પાકીસ્તાની કલાકારનો વિરોધ પ્રદર્શન કરીશુ તેમ કહી બે દિવસથી અવાર નવાર ફોન કરી દબાણ કરતા હતા. ગઈ કાલે પૈસા લઈ આવવા આ શખ્સોએ આયોજકને બોલાવેલ તે સમયે અડાલજ પોલીસે તમામ છ તોડબાજોને પકડી પાડ્યા હતા. હાર્દીક પ્રકાશ રાવલ, કેદાર નીકુલ પઢીયાર, વિષ્ણુપવન શર્મા, નિતેશ કૌશીક મહેતા, સંજય અમૃત પટેલ અને કિરણ દિનેશ મલેસીયા મળી કુલ છ શખ્સો સામે અડાલજ પોલીસે ગુનો નોંધી તમામની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

## જનઅધિકારી મંચની યુવા ગૌરવ રેલી દ્વારા ફિક્સ-પે નીતિનો વિરોધ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત સરકાર દ્વારા તા. ૧લી મે ને ગુજરાત ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો છે. તથા આ વર્ષને યુવા ગૌરવ વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવ્યું છે. જો કે આંગણવાડી, આશાવર્કર બહેનો, ફિક્સ-પે અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓ, માનદ વેતન, લઘુત્તમ વેતન, રોજમદાર અને સફાઈ કામદારા વગેરે આ બધી નીતિઓના કારણે સરકારના મજૂર બની ગયા છે. આ પરિસ્થિતિનો વિરોધ કરવા ગુજરાત જન આધિકાર મંચ દ્વારા અમદાવાદમાં એલિસબ્રિજથી ઈન્દુચાચાની પ્રતિમા સુધી યુવા ગૌરવ યાત્રાનું આયોજન કરી પ્રતિકાત્મક વિરોધ પ્રગટ કરાયો હતો. યાત્રામાં કર્મચારીઓ, બેરોજગાર યુવાનો, ફાર્માસિસ્ટો મોટી સંખ્યામાં જોડાયા હતા. આશરે ૨ હજારથી વધુની સંખ્યામાં યોજાયેલ આ રેલી સરદાર બાગ ખાતે સભામાં પરિવર્તન થઈ હતી. જ્યાં મંચના પ્રમુખ પ્રવિણ રામે સંબોધન કર્યું હતું. તેમણે સરકારને સવાલ કર્યો હતો કે જો અનામત આપી શખાય તો ફિક્સ પે અને કોન્ટ્રાક્ટ પ્રથા કેમ નાબૂદ ના કરી શકાય ?

## વાતવાતમાં

- રવિવારે સે. ૨૩ વિસ્તારમાં ભર બપોરે આશરે અડધા કલાકથી પણ વધુ સમય માટે વીજળી ગુલ થઈ જતા પરસેવે રેબઝેબ કરતી ગરમીથી રહેવાસીઓ પરેસાન થઈ ઘરની બહાર આવી ગયા હતા. કેટલાક જાગૃત નાગરિકોએ આ બાબતે ટોરેન્ટ પાવરમાં ફોન કરતા ટેકનિકલ ક્ષતિના કારણે આ બન્યું હોવાનું કારણ તેમણે દર્શાવ્યું હતું.
- વહેલી સવારે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'રન ફોર ગુજરાત'માં દોડવા માટે મોટી સંખ્યામાં પોલીસ કર્મીઓ તથા વેકેશન પડી ગયું હોવા છતાં ફરજિયાત લવાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હતી. સવારથી જ તડકો ચઢી જતો હોવાથી દોડી રહેલા બાળકો આખુ સર્કલ દોડવાને બદલે અધવચ્ચેથી સ્વર્ણિમ પાર્કમાં ઘુસી પરત ફરવાની લાઈનમાં જોડાઈ જતા જોવાયા હતા.
- ઘ-૫ સર્કલ નજીક ઓપન એર થીયેટર ખાતે આજે સમૂહલગ્નનું આયોજન કરાયું હતું. આ સમૂહલગ્નમાં બપોરની ગરમીમાં વરરાજા-વધૂ સહિત તમામ પરસેવે નહાતા હતા. છતાં વરઘોડામાં જોશભેર નાચતા જાનૈયાઓ જોઈ આનંદિત થયા હતા.
- સમૂહલગ્નને કારણે આ વિસ્તારમાં શેરડીનો રસ, બરફગોળો તથા લીંબુ શરબત વગેરે વેચતા વેપારીઓને તડાકો પડી ગયો હતો. આખો દિવસ અહીં મેળા જેવુ વાતાવરણ જોવા મળ્યું હતું.
- ગુજરાત સ્થાપના દિન નિમિત્તે શહેરને રોશનીથી શણગારવામાં આવ્યું છે. જિલ્લાના ડભોડા પોલીસ સ્ટેશને પણ આ નિમિત્તે રોશનીનો ઝગમગાટ જોવા મળ્યો હતો.
- શહેરમાં સેવાભાવી સંસ્થાઓ તથા દાનવીરો દ્વારા અનેક ઠેકાણે મીનરલ પાણીની પરબો ચાલુ કરાઈ છે. જો કે જે મફતનું મળે તેની કદર ના હોય તે શિરસ્તા મુજબ આ પરબો પર પાણી પીતા નાગરિકો પાણીનો વ્યય વધુ કરતા જોવાય છે.
- શાળાઓમાં તો વેકેશન પડી ગયા પરંતુ કોલેજોમાં હજુ ઘણી ફેકલ્ટીમાં પરીક્ષાઓ ચાલુ છે. મોટાભાગની કોલેજોમાં છેલ્લા તબક્કાની મૌખિક પરીક્ષાઓ ચાલી રહી છે.
- ઉનાળાની કાળઝાળ ગરમી તેનો પ્રકોપ ધીમે ધીમે વધારી રહી છે. ગરમી વધવાની સાથે સાથે એરકન્ડિશનર તથા ફ્રિઝ રીપેરીંગ વગેરે સર્વિસની માંગમાં ખુબ વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

# કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાવવી તે જ સાચું તર્પણ

## શહેરના અનોખા જીવદયા પ્રેમી નરેન્દ્ર રાવલ અત્યાર સુધીમાં આશરે ૨૫ હજારથી વધુ પક્ષી પરબરનું વિતરણ કરી ચૂક્યા છે : વહેલી સવારથી નગરના મંદિરો પર જઈ ચકલોડિયા વહેંચવા ઉભા રહી જાય છે : પિતાની પ્રાર્થના સભામાં પણ જાર સાથે પાણીના કૂંડાનું વિતરણ કર્યું



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગરમાં વર્ષ ૧૯૯૯માં ચૈત્ર માસની કાળઝાળ ગરમીનો સમય હતો. આ સમયે નોકરીમાં ગાંધીનગર ખાતે બદલી સાથે સેક્ટર-૧૬માં સરકારી ક્વાટર્સ મેળવનાર એક કર્મચારી પરિવાર સાથે નવા મકાનમાં રહેવા આવ્યા : મકાનની આસપાસ સારી વનરાજી સાથે વરંડામાં મોટા મોટા પથ્થરો વાળી ઉબડખાબડ અવાવરુ જગ્યા હતી. અહીં સમતળ કરવાના ઈરાદાથી તેમણે કોદાળી વડે પ્રયત્ન કર્યો પરંતુ જમીન સખત હતી તેથી ફાવ્યા નહી. છેવટે તેમણે વિચાર્યું કે આ સૂકી જમીનને પાણીથી પોચી કરવી પડશે. એટલે બધા પથ્થરોની આસપાસ ક્યારા જેવું બનાવી તેમાં પાણી ભર્યુ અને બીજા દિવસે સવાર સુધી રાહ જોવાનું મુનાસિબ માન્યુ. સવારે ઉઠીને ત્યાં નજર કરી તો આસપાસના ઝાડ પર રહેતી ખિસકોલીઓ દોડી દોડીને તથા પંખીઓ ઉડી ઉડીને તેમણે કરેલા ક્યારામાંથી પાણી પીતા હતા અને કિલ્લોલ કરતા હતા. આ દ્દશ્ય જોઈ તેમણે પોતાના શ્રીમતિજીને ઘરમાંથી બહાર બોલાવ્યા અને ત્યારથી દંપતિએ નક્કી કર્યું કે તેઓ આ અબોલ પંખીઓ માટે પાણી પીવાની વ્યવસ્થા કરશે. તુરંત બજારમાં જઈ તેઓ માટીના ૧૦૦ કુંડા લઈ આવ્યા અને આસપાસના તમામ ઝાડ પર લટકાવી તેમાં પાણી ભરવાનું ચાલુ કરી દીધુ. આ સરકારી કર્મચારી એટલે હાલ સે. ૭માં રહેતા અને આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા નરેન્દ્ર રાવલ.



(તસવીર : કશ્યપ નીમાવત)

નરેન્દ્ર રાવલને આજે આખુ શહેર તેમના દ્વારા કરાતા ચકલોડિયા એટલે કે માટીથી કુંડા જેવી બનાવેલ પક્ષી પરબના વિતરણ થકી ઓળખે છે. સો ચકલોડિયાથી પ્રારંભ કરીને પછી તો તેમણે દર વર્ષે ચૈત્ર માસમાં ગાંઠના ખર્ચે પક્ષી પરબનું નિ:શુલ્ક વિતરણ કરવાનો શિરસ્તો જ બનાવી દીધો. બીજા વર્ષે ૨૫૦, પછી ૫૦૦ એમ કરતા કરતા આજે તેઓ ૧૫૦૦ પક્ષી પરબનું વિતરણ કરે છે. છેલ્લા ૧૮ વર્ષની તેમની આ સેવા પ્રવૃત્તિ દરમ્યાન તેઓ આશરે ૨૫ હજાર જેટલા ચકલોડિયાનું વિતરણ કરી ચૂક્યાં છે અને તેમણે વિતરણ કરેલા ચકલોડિયાને કારણે કદાચ હજ્જારોની સંખ્યામાં પક્ષીઓ કાળઝાળ ઉનાળાની ગરમીમાં પાણી વિના ટળવળતા બચ્યાં છે. આ સેવા કામ માટે હવે તો અનેક દાનવીરો તેમને વધુ ચકલોડિયા લાવી શકે તે માટે દાન આપવા તૈયાર થાય છે પરંતુ માત્ર પોતાના પૈસે જ જેટલુ શક્ય બને તેટલા માટીના કૂંડા લાવી તેને જાતે દોરી બાંધી તેનુ વિતરણ જાતે જ કરે છે. હવે તો તેઓ વિતરણ કરવા માટે દરરોજ વહેલી સવારે શહેરના વિવિધ મંદિરોમાં પહોંચી જાય છે અને સવારે દર્શન-પૂજા કરી પરત ફરતા શ્રદ્ધાળુઓને પક્ષી પરબ આપે છે. મંદિર આગળ પક્ષીપરબનું કુંડુ હાથમાં લઈને ઉભેલા જોઈ તેમના કાર્યથી અજાણ નગરજનો અંદરોઅંદર એવુ બોલતા પણ તેમણે સાંભળ્યા છે કે "શું જમાનો આવ્યો છે, હવે તો લોકો પેન્ટ-શર્ટ પહેરીને ભીખ માંગે છે' અરે, એટલુ જ નહી એક બે દયાળુ મહિલાઓ તો આ કુંડામાં દાન માટે સિક્કા પણ નાંખી ગયેલા ત્યારે તેમણે પ્રેમથી તેમને બોલાવી પોતાની વાત કહી પક્ષી પરબ ભેટ આપતા છોભિલા પડતા પણ જોયા છે. પણ નરેન્દ્ર રાવલનું કહેવું છે કે "મારા હૃદયને જે સ્પર્શી જાય તે હું કરૂ છું."

મૂળ સાબરકાંઠા જિલ્લામાં ધરોઈ ડેમ બંધાયો તે વખતે ડૂબમાં ગયેલા મારવાડા ગામની વતનીનો પરિવાર ખેડબ્રહ્મામાં સેટ થયો હતો. ભણી ગણી ગ્રેજ્યુએટ થયા બાદ ૧૯૯૧માં સરકારી નોકરી લાગ્યા પછી તેઓને ગુજરાતના અલગ અલગ શહેરમાં રહેવાનું થયું પરંતુ ૧૯૯૯થી ગાંધીનગર બદલી થતા અહી સ્થાયી થયા. માત્ર પક્ષી પરબ જ નહી પરંતુ ગાંધીનગરમાં અનેક ધાર્મિક, સેવાભાવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા નરેન્દ્રભાઈને બીજી લગની પદયાત્રાની લાગેલી છે. શહેરના જય અંબે પરિવાર સાથે સંકળાઈને ભાદરવી પૂનમના સંઘમાં ૨૫ વખત અને તે સિવાય ચૈત્ર માસમાં પણ ચાર વખત એમ કુલ ૨૯ વાર અંબાજીની પગપાળા યાત્રા કરી ચુકયા છે. આ ઉપરાંત અન્નપૂર્ણા સંઘ સાથે ૧૪ વર્ષ અંબાસણ સુધીની પદયાત્રા પણ કરી ચૂક્યા છે. એટલું જ નહી પરંતુ વર્ષ ૨૦૦૪માં તેઓએ ગાંધીનગરના કુલ ૪૮ મંદિરોની પગપાળા યાત્રા કરી હતી. તેમના તમામ કાર્યમાં પત્નિ કપિલાબેનનો પ્રોત્સાહક સહકાર પ્રાપ્ત થયો હોવાનું કબૂલતા નરેન્દ્રભાઈએ સે. ૧૬ના વસવાટ દરમ્યાન ૧૬ વર્ષ સુધી નવરાત્રિ સમિતિનું પ્રમુખ પદ સંભાળ્યું હતું. આ દરમ્યાન તેમના ચોકઠાના તમામ ૮૮ પરિવારોના દરેક સભ્યના જન્મ દિનની નોંધ રાખી તે દિવસે સવારે તેમના ઘરે જઈ ગુલાબના ફૂલ સાથે શુભેચ્છા કાર્ડ આપી 'સરપ્રાઈઝ' આપતા હતા. આજે ૫૬ વર્ષની ઉંમરે પણ વહેલી પરોઢથી મોડી રાત સુધી કાર્યરત રહેતા નરેન્દ્રભાઈના બે દિકરી અને એક દિકરા સહિતના ત્રણેય સંતાનો પરણીને પોતાના પરિવારમાં ઠરીઠામ થઈ ચુક્યા છે. પત્નિ કપિલાબેન સે. ૨૨માં બેકરી ચલાવે છે જ્યાં કાઉન્ટર પર જ લખેલુ છે "અમે અહીં પાત્ર વેચાણ નથી કરતા પરંતુ સંસ્કાર, સંસ્કૃતિ અને સેવાનું વિતરણ પણ કરીએ છીએ'. બેકરી પર નગરજનો પાસેથી જુના કપડા ઉઘરાવી જરૂરિયાતમંદને આપવા, સરકારી શાળામાં ભણતા ગરીબ બાળકોને નોટબુકો આપવી તથા બેકરીમાં ખાલી થયેલ પ્લાસ્ટિકની બરણીઓનું ઝુંપડપટ્ટીમાં વિતરણ કરવુ જેવા સેવા કાર્યો તો તેમને મન સામાન્ય વાત છે. આ બધામાં જો કે નરેન્દ્રભાઈની પક્ષીપરબ વિતરણ માટે એવી લગની છે કે હજુ ગત ફેબ્રુઆરી માસમાં તેમના પિતાનું અવસાન થતા યોજેલી પ્રાર્થના સભામાં પણ તેમણે કોઈ ધાતુની વસ્તુ આપવાના રિવાજને ફગાવી ૪૫૦ થી વધુ પાણીના કૂંડા સાથે પક્ષી ચણ માટે જારના પેકેટ વહેંચ્યા હતા. આ પ્રાર્થના સભામાં તેમણે એક બોર્ડ લગાવ્યું હતું તેના પર લખ્યું હતું કે "તરસ્યાં પશુ-પક્ષીને પાણી આપવુ તેજ સાચો ધર્મ. જીવતે જીવ અબોલ પક્ષીઓને ચણ અને પાણી અર્પણ કરજો તે જ સાચુ તર્પણ."

samirtalod@yahoo.com





(તસવીર : કશ્યપ નીમાવત)

ગાંધીનગર શહેરનાં ખુલ્લા રસ્તા હંમેશા અકસ્માતો સર્જતા જ રહે છે. રવિવાર સવારે ચ-૫ ફુવારા પાસે એક કાર અને બાઈકનો અકસ્માત થયો. બાઈક સવાર રોડ પર ટપકાયો. તરત જ કાર ચાલક ૧૦૮ને બોલવી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં મોકલવામાં આવ્યો. સદનસીબે મોટી જાનહાનિ થઈ નથી. રજાનાં દિવસે વિના કોઈ ટ્રાફિકે આવા કસ્માતો થાય તે વિશે વાહનચાલકોએ અવશ્ય વિચારવું જોઈએ.

## ચિરવિદાય

- સ્વ. સિસોદિયા ગોપાલસિંહ દોલતસિંહ, ઉ.વ.૬૬
- સ્વ. દરજી અરવિંદભાઈ સાંકળચંદ, ઉ.વ.૬૫
- સ્વ. રાઠોડ વસંતકુમાર જીવણલાલ, ઉ.વ.૬૦
- સ્વ. યાદવ પ્રેમાદેવી સીતારામ, ઉ.વ.૫૫